**જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,**
**જિલ્લાસેવાસદન–૨, જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર**
ઈ–મેઈલ : dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/શિક્ષણ/૧૯-૨૦/૭૦૭૮ તાત્કાલીક/સમય મર્યાદા તા.૨૨/૦૮/૨૦૧૯ |૭૦૭૮

પ્રતિ,
આચાર્યશ્રી,
........................................
........................................

વિષય:-સામાજિક અને શૈક્ષણિક રિતે પછાત વર્ગોના ધો.૧૧ અને ૧૨ ના વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસકર્તા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવા બાબત.

સંદર્ભ:- નિયામક વિ.જા.ક. નાં તા:-૧૩/૦૮/૨૦૧૯ પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/૧૯-૨૦/ ૩૧૮૯-૩૨૨૧

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૦૨૦૨૧૪/ન બા.-૭૪૫/અ.૧ થી સામાજિક અને શૈક્ષણીક રિતે પછાત વર્ગો પૈકી અતિ પછાત, વધુ પછાત જાતિ તેમજ વિચારતિ-વિમુકત જાતિના ધો.૧૧ અને ૧૨ ના વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસકરતા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવાનુ ઠરાવવામાં આવ્યું છે જે અન્વયે ધો.૧૦ની પરિક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ કરી ધો.૧૧માં પ્રવેશ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે રૂ.૧૫,૦૦૦/- તથા ધોરણ -૧૨ માં બીજા વર્ષે રૂ.૧૫,૦૦૦/- મળી એમ કુલ રૂ.૩૦,૦૦૦/- ની ખાનગી ટ્યુશન સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. જેમા વિદ્યાર્થીના વાલીની વાર્ષીક આવક મર્યાદાનું ધોરણ રૂ.૧,૫૦,૦૦૦/- ઠરાવેલ છે.

વર્તમાન ટ્યુશન સહાય યોજનામાં ફક્ત સામાજીક અને શૈક્ષણીક રિતે પછાત વર્ગો પૈકી અતિ પછાત, વધુ પછાત જાતિ તેમજ વિચારતિ-વિમુકત જાતિ એવી ૪૦ જાતિના વિદ્યાર્થીઓને લાભ મળતો હતો. હવે સરકારશ્રીના તા.૯/૩/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૪૩૮/અ.૧(પા.ફા.) થી આ યોજનાનો વિસ્તાર કરીને હાલના ધારા ધોરણો પ્રમાણે જ હવે નાણાકિય વર્ષ:૨૦૧૯-૨૦થી સામાજીક અને શૈક્ષણીક રિતે પછાત વર્ગોની બાકીની જાતિઓના વિદ્યાર્થીઓને પણ લાગુ કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદાનુ ધોરણ રૂ.૧,૫૦,૦૦૦/- થી વધારીને હોય રૂ.૪,૫૦,૦૦૦/- કરવામાં આવેલ છે. આ યોજના ઓનલાઇન થયેલ Digital Gujrat Portal ઉપર તે મુજબ કાર્યાવાહી કરવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) ભાવનગર

ક્રમાંક:યોજના/૫૨ચ/૨૦૧૯/૩૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૬/૦૮/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
For ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner